તા : ૧૫-૦૨-૨૦૨૩

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા નિકાસના પ્રિ અને પોસ્ટ શિપમેન્ટ પર Interest Equalization Scheme ની વ્યાજ સહાયની વર્તમાન મર્યાદા ૩% ને બદલે ૬% કરવા કેન્દ્રીય નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિતારામન સમક્ષ રજુઆત કરવામાં આવી..**

કેન્દ્ર સરકાર દ્વારા **MSME** ઉત્પાદક નિકાસકારો માટે નિકાસના પ્રિ અને પોસ્ટ શિપમેન્ટ પર Interest Equalisation Scheme જાહેર કરવામાં આવેલ. જે અંતર્ગત નિકાસકારો દ્વારા કરવામાં આવેલ પ્રી અને પોસ્ટ શીપમેન્ટ નિકાસ માટે લેવાયેલ લોન અંતર્ગત વ્યાજ સહાય ચુકવવામાં આવે છે. અગાઉ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના અવીરત પ્રયાસ થકી આ સ્કિમની સમય મર્યાદા તા.૩૧-૩-૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે.

પરંતુ હાલમાં જ રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા જે રેપો રેટ વધારવામાં આવેલ છે તેના કારણે બેન્કની લોન ખુબ જ મોંઘી થઇ ગયેલ છે. જેના કારણે નિકાસકારોને અસહ્ય મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહયો છે. તેમજ આર્થિક બોજાનું ભારણ વધી રહ્યું છે. જેથી નિકાસકારોની મુશ્કેલીઓને ધ્યાનમાં લઈ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઇ ગણાત્રા દ્વારા નિકાસના પ્રિ અને પોસ્ટ શિપમેન્ટ પર Interest Equalisation Scheme અંતર્ગત મળવાપાત્ર વ્યાજ સહાયની વર્તમાન મર્યાદા જે ૩% છે તેને વધારી ૬% કરવા કેન્દ્રીય નાણામંત્રીશ્રી નિર્મલા સિતારામનજી સમક્ષ આગ્રહ પુર્વક રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.